# લંડનની બસના ઉપલા માળેથી
# મુસાફરી કરવી એટલે જીવવું

--ભદ્રા વડગામા

જ્યારે પણ મારે લંડનની બસમાં ઉપલે માળે બેસવાનું થાય ત્યારે આ પ્રસંગ યાદ આવે.

મારે ત્યાં કેન્યાથી એક બહેન મહેમાન થઈને આવેલાં. નાની વયે સમૃદ્ધ સંયુક્ત કુટુંબની વહુ બનીને આવેલી એ બહેન કાર ચલાવતાં જાણે; પણ બીજી રીતે બહારની દુનીયાના તેમના અનુભવો સંકુચીત(મર્યાદીત) કહેવાય. હું તેમને બસમાં ફરવા લઈ ગઈ. મને થયું કે બસના ઉપલે માળે બેસીશું તો તેમને બહારનાં દૃશ્યો જોવાની મઝા આવશે. મુસાફરી પુરી થઈ અને અમે બસમાંથી નીચે ઉતર્યાં, ત્યારે તેમણે સહજતાથી મને કહ્યું, ‘ અરે ! બસનો ડ્રાઈવર તો અહીં નીચે છે ! આપણે ઉપર બેઠાં હતાં તે તો મને યાદ જ નહીં રહ્યું ! છેક આગળની સીટ ઉપર એક માણસ છાપું વાંચતો બેઠો હતો અને મને થતું હતું કે આ ડ્રાઈવર છાપું વાંચતાં વાંચતાં બસ કેમનો ચલાવતો હશે?’

મારી વીચારમાળાને આથી એક ધક્કો લાગ્યો. મને થયું, મુસાફરી કર્યા વીનાનો માણસ કેવો કુપમંડુક બની બેસે છે! કેટલા દીવસ અને કેટલા કલાકની જીંદગી પ્રભુએ આપણને આપી છે તેની પણ જ્યારે આપણને ખબર નથી હોતી, ત્યારે તેમાં વધારો કરવાની વાત આપણા હાથની નથી  જ એ નીશ્ચીત છે. તે છતાંયે મુસાફરી કરીને એ જીંદગીને લંબાવવી એ સૌ કરી શકે તેમ છે. મુસાફરી કરીએ ત્યારે સમય આપણને તેનું ખરું સ્વરુપ બતાવે છે. એ અનંત તત્ત્વની જેમ અદૃશ્ય થઈ જાય છે, લંબાય છે અને સંકોચાય છે. આપણે એક દીવસ જેવા જ બીજા હજાર દીવસ જીવીશું એ કરતાં જે હજાર દીવસ જીવીએ તે દરેક દીવસ એકમેકથી અલગ હશે તો જીવન ભર્યુંભર્યું લાગશે. અગત્યની વાત તો એ છે કે મૃત્યુ પછી પુનર્જન્મ કેવો હશે તેની ચીન્તા કર્યા વીના મૃત્યુ પહેલાના જીવનનું ચીંતન કરીશું તો જીંદગીનું અનંત સ્વરુપ પારખી શકીશું.

મુસાફરીથી આપણા જીવનમાં વૃદ્ધી થાય છે. તેનાથી જીવન લંબાયું હોય તેવું લાગે છે. જ્યારે લાંબા ગાળા સુધી એક જ સ્થળે એક જ પ્રકારનું જીવન જીવીએ છીએ ત્યારે આપણે ઘણું જોઈએ છીએ પણ તેનું દર્શન નથી કરતાં, ઘણું સાંભળીએ છીએ પણ તેનું  શ્રવણ નથી કરતાં. એકધારા દીવસોવાળું  જીવન ઝડપથી પસાર થઈ જાય છે. મુસાફરી કરતાં હોઈએ ત્યારે આપણી ઈન્દ્રીયો સજાગ હોય છે. જે જોઈએ તેનું દર્શન કરીએ છીએ, જે ચાખીએ તે માણીએ છીએ, જે સુગંધો ભુલાઈ ગઈ છે તે સજાગ થાય છે, જે સાંભળીએ છીએ તેનું શ્રવણ કરીએ છીએ. મુસાફરી દરમીયાન આપણે જીવંત છીએ એવી તીવ્ર લાગણી અનુભવીએ છીએ. આપણને લાગે છે કે સમય હયાત નથી, કેમ કે આપણે જીવનને તીવ્રતાથી માણી રહ્યાં હોઈએ છીએ.

બસમાં ઉપલે માળે બેસી મુસાફરી કરી જે જોઈએ-માણીએ છીએ તે પરદેશની મુસાફરી દરમીયાન અનુભવેલું હોય તેવું જ કંઈક અવનવું હોય છે. પછી ભલે તે સૃષ્ટી-દર્શન, લોક-દર્શન, શહેર-દર્શન કે પછી આંતર-દર્શન હોય.

--ભદ્રા વડગામા, લંડન



ભદ્રા વડગામા

પુર્વ આફ્રીકાના ઝાંઝીબાર ટાપુમાં મુસ્લીમ સલ્તનત, બ્રીટીશ શાસન અને હીંદુ સંસ્કૃતીના સંમીશ્રીત વાતાવરણ વચ્ચે ઉછરી, ભદ્રા વડગામાએ પોતાનું વ્યક્તીત્વ વીકસાવ્યું. મકેરેરે યુનીવર્સીટી કંપાલામાં બી.એ.ની ડીગ્રી મેળવી. લગ્ન પછી એડ્યુકેશન ડીપ્લોમા કરીને કેન્યામાં નવેક વરસ શીક્ષીકા રહ્યા બાદ તેઓ ૧૯૭૩માં યુ.કે. આવી વસ્યાં. અહીં તેમણે લાઈબ્રેરી સાયન્સનો અભ્યાસ કર્યો, લંડનમાં લઘુમતી પ્રજા માટે એક અનોખી લાઈબ્રેરી-સેવા શરુ કરી અને તે ક્ષેત્રે તેવીસ વરસ કામ કરી એવોર્ડ પણ મેળવ્યો. બાળપણમાં રોપાયેલાં ગુજરાતી ભાષા અને સાહીત્યરસનાં બી આ વ્યવસાયમાં રહ્યે પાંગર્યાં. નીવૃત્તી બાદ તેમણે હવે વાર્તાઓ લખવી શરુ કરી છે. તેમની પાસેથી ઉત્તરોત્તર પ્રાણવાન કૃતીઓ મળતી રહે તેવી શુભેચ્છા..સંપર્ક : Bhadra.V@btinternet.com

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક 'સન્ડે ઈ-મહેફીલ ' માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'સૌ સૌનાં નસીબ'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com



સૌ સૌના નસીબની વાત છે, તારો હસબંડ ડીશો સારી કરે છે
તો મારો હસબંડ રસોઈ સારી બનાવે છે!

“સન્ડે ઈ-મહેફીલ” વર્ષ : બે અંક : ૫૬ જુલાઈ ૨, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

સર્જકમીત્રોનાં સુચનો આવકાર્ય, આગ્રહ પણ ખરો જ; સુચનો તથા પોતાની કૃતી હરનીશભાઈને જ મોકલવા વીનંતીઃ harnish5@yahoo.com

અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

Address:
**Harnish Jani**
4, Pleasant Drive,
**Yardville** -NJ 08620-**USA** --Phone-**609-585-0861**